## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આદિવાસી વિસ્તારનાં મુખ્ય ખરીફ પાકોની ખેતી પદ્ધતિ વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગ યોજાયો

---------------------------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા **આદિવાસી વિસ્તારનાં મુખ્ય ખરીફ પાકોની ખેતી પદ્ધતિ** વિષય ઉપર **તા. ૨૬/૦૬/૨૦૨૪** ના રોજ અત્રેના કેન્દ્ર ખાતે કાર્યરત સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રિસર્ચ ઇન ઓલ એગ્રો કલાઇમેટ ઝોન ઓફ એ.એ.યુ અને નીડ બેજ કંટીજન્સી ફોર સોયાબીન રિસર્ચ યોજના અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમ વર્ગ યોજાયો.

આ એક દિવસીય શિબિરમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. સી. જે પટેલ** દ્વારા સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, **ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા પ્રાકૃતિક ખેતી અંતર્ગત હલકા ધાન્યોની ખેતી પદ્ધતિ, **ડૉ. એચ. એન ચૌધરી** દ્વારા મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. વધુમાં સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો કલાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના જુદા જુદા ગામનાં **૩૨** જેટલા ખેડૂત ભાઈઓને મકાઇ , સોયબીન અને નાગલીની સુધારેલી જતોના શુદ્ધ બિયારણ નિર્દશનના રૂપમાં આપવામાં આવ્યા. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવ્યું દ્વારા કરવામાં આવેલ.




